સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'ચોર-પોલીસ' રમત સંસ્થાઓ રમતી હોય છે,
જાય ટાઢે પાણીએ ખસ એમાં સંમતિ હોય છે,
ગમતી હોય છે ઢીલ, દુઃખનું ઓસડ દહાડા -
સમસ્યાના ઉકેલમાં સદાય 'સમિતિ' હોય છે
(દસ દિવસનો બ્રેક)

હાઈકુ

છે ખેંચાખેંચ,
'સત્તા'ના હાડકાંની
કૂતરાં વચ્ચે..
(સીટ-બટવારે-મતભેદ)

દેશના વડા,
- એક સજ્જને કહે,
'જંગલરાજ!'
(તમારી કોઈ જવાબદારી નહીં?!)

ચિંતન

વચો હિ સત્યં પરમં વિભૂષણં ગર્જાગનાયાઃ કશૌ તથા
દ્વિજસ્ય વિદ્યૈવ પુન સ્તથા ક્ષમા શીલં હિ સર્વસ્ય નરસ્ય ભૂષણં ॥

સત્ય વચન એ જ માણસનું ભૂષણ છે પરમ આભૂષણ પણ છે, પાતળી કમર એ સુંદર-ગજગામિનીનું-સુંદરીનું આભૂષણ છે. વિદ્યા અને ક્ષમા એ વિદ્વાન-બ્રાહ્મણનું આભૂષણ છે પરંતુ 'સારો સ્વભાવ હોવો' એ તો બધાં જ લોકોનું પરમ આભૂષણ છે.

સચ્ચાઈ- એ દરેક વ્યક્તિનું આભૂષણ છે, સ્ત્રીનું સૌંદર્ય - સાચી તંદુરસ્તીની એના 'પેટ કમર'નાં ઘેરાવા પરથી ખબર પડે છે. આજના જમાનામાં બેઠાડુ જીવનશૈલી અને 'રામા'ઓની પરાધીનતા 'સૌંદર્ય' પરનું મોટું-આક્રમણ છે.

વિદ્યા અને ક્ષમા વિદ્વાનનું આભૂષણ છે. પરંતુ સારો-નમ્ર-વિવેકી-સ્વભાવ હોવો તો દરેક વ્યક્તિનું આભૂષણ છે. સચ્ચાઈ હોય - તંદુરસ્તી હોય છતાં જો સ્વભાવ બરછટ હોય તો એવી વ્યક્તિની ગણના 'સજ્જન'માં થતી નથી.

સુવિચાર

- 'સ્વાદ' અને 'વાદ' ઘણાં અનર્થનું સર્જન કરે છે - **રજનીશ**
- જેનું મન ચંચળ નથી તેની આગળ આખું વિશ્વ ઝુકતું હોય છે - **ઝેન કથન**
- જેને પડકારવા માટે આપણે વામણા હોઈએ છીએ એની જ નિંદા આપણે કરતાં હોઈએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- એક વાત કરી રહ્યો છું સાહિત્યનાં વિષયમાં... દુઃખમાં હૃદયને રાખો, રાખો ન દુઃખ હૃદયમાં - **મરીઝ**
- 'સુખ' એટલે? આપણી પાસે હોય તેનાં કરતાં સહેજ વધારે - **શાહબુદ્દિન રાઠોડ**
- અમૂલ્ય જીવન બક્ષનાર મા-બાપ એ જ કળીયુગના ઈશ્વર અને તેની કૃપા એ જ શ્રેષ્ઠ આશીર્વાદ - **મોરારિ બાપુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

જ્યાં પ્રેમ હોય ત્યાં અવિશ્વાસ-શંકા ન હોય સંપૂર્ણ સમર્પણ હોય ત્યાં ડર-ભય ન હોય જેમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તે નિર્ભય થવાય.

રાજપુતાના રાજા રઘુવીરસિંહ લગ્ન કરી ઈંગ્લેન્ડથી સ્ટીમર દ્વારા હિંદુસ્તાન પાછા આવતા હતા. રસ્તામાં મધદરિયે વાવાઝોડું આવ્યું. સ્ટીમર હાલક-ડોલક થવા લાગી. યાત્રિકો ખૂબ ગભરાયાં. રોકકળથી વાતાવરણ વધારે ભયજનક થઈ ગયું. રાજા રઘુવીરસિંહ શાંત ચિત્ત-પ્રસન્ન મુખ મુદ્રાથી આ બધું જોતાં હતા.

નવવધૂ પત્નીએ પૂછ્યું, તમને આ વાતાવરણથી ભય-ચિંતા નથી થતાં? તમે કેવાં માણસ છો? સામે મોત ઊભું છે છતાં... રઘુવીરસિંહ પોતાની કટાર કાઢી રાણીના પેટ પાસે મૂકી દીધી. રાણીએ હસેલતાં કહ્યું, આવા સમયે આ શું મજાક કરો છો?

રાજા કહે, તને કટારનો ભય ન લાગ્યો? રાણી કહે, મને વિશ્વાસ છે તમારા પર, તમારા પ્રેમ પર પછી ભય કેમ લાગે? રાજા કહે, મને એવો જ વિશ્વાસ પ્રભુ પર છે પછી 'તોફાન'નો ભય શા માટે લાગે?

સ્વચ્છતા અભિયાન 'સરકારી' મટીને લોક ઝુંબેશ બની રહે તે જરુરી

તંત્રીસ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને 'સ્વચ્છતા દિવસ' તરીકે ઊજવવાનો સરકારી નિર્ણય આવકાર્ય ગણાવો જોઈએ. ભારત વિશે સુસંસ્કૃત અને પ્રગતિશીલ પ્રજાઓમાં સ્વચ્છતાના મુદ્દે નકારાત્મક અભિપ્રાય પ્રવર્તે છે. અહીં કોઈ પણ માણસ રસ્તે ચાલતાં કે વાહનમાં પ્રવાસ કરતાં કશા પણ સંકોચ વગર ગમે ત્યાં થૂંકી શકે છે, અધવચ્ચે કોઈ દીવાલનું ઓઠું લઈને લઘુશંકા કરી શકે છે. બલકે ખુલ્લામાં શૌચક્રિયા એ ભારત માટે કોઈ નવાઈની બાબત નથી. રેલવે સ્ટેશન જેવી જાહેર જગ્યાઓથી લઈ રહેણાક સ્થળોની નજીક પ્લાસ્ટિક કચરા સહિત અનેક પ્રકારના ઉકરડા ખડકાતા રહે છે, જે દૂર કરવાનું કામ ધાર્યા કરતાં ઘણું અઘરું સાબિત થયેલ છે. નદીઓના પ્રદૂષણને નાથવાના કાર્યક્રમો દાયકાઓથી ચાલતા રહ્યા છે. ગંગા-યમુના જેવી મોટી નદીઓનાં ટનબંધ ગંદકી બલકે કતલખાનાનું લોહી પણ ઠલવાતું રહે છે. સરકારે અબજો રૂપિયા ખરચી નાખ્યા છે છતાં ગંગાની ગંદકી નાબૂદ કરવામાં એને સરિયાણ નિષ્ફળતા સાંપડી છે. અડધી બળેલી લાશો ગંગામાં વહેવડાવી દેવાના હિંદુઓના કહેવાતા 'હક' પર કાયદાનું નિયંત્રણ કારગત નથી નીવડ્યું, મોદીએ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગુ પહેલું ઉદ્બોધન કર્યું એમાં પોતે સ્વચ્છતા જેવા પાયાના મુદ્દાને રાષ્ટ્રીય ઝુંબેશમાં પરિવર્તિત કરવા માગતા હોવાનું જણાવ્યું હતું. ઉત્સાહી બ્યુરોક્રસી અને નેતાની ગુડબુકમાં રહેવા માગતા પાર્ટીના કાર્યકરોએ તાબડતોબ હાથમાં ઝાડુ પકડીને સફાઈ ઝુંબેશ આરંભી હતી. વડાપ્રધાન સહિત તમામ મંત્રીઓ અને સંગઠનના હોદ્દેદારો આ ઝુંબેશમાં ઉત્સાહભેર જોડાઈ રહ્યા હોય એવો માહોલ સર્જવાની કોશિશ થઈ હતી પરંતુ એનો આખરે કરૂણ રકાસ થયો હતો અને ગંદકીના ઢગ યથાવત જ ખડકાતા રહ્યા હતા, તે આખી દુનિયાએ જોયું છે. ફક્ત મીડિયામાં ચમકવા માટેની પ્રતીકાત્મક ઝુંબેશથી વધુ એનું કશું જ મહત્ત્વ નહોતું રહ્યું. અલબત્ત, રેલવે પ્લેટફોર્મમાં પર અનેક કેટલીક અન્ય જાહેર જગ્યાઓ પર સ્વચ્છતાનું ધોરણ સુધર્યું છે, પણ મોદીની ઈચ્છા મુજબના સ્વચ્છ ભારતની અવધારણા અધુરી જ રહેવા પામી છે. મોદીના વિરોધીઓને આ મુદ્દે ટીકા કરવાની તક પણ સાંપડી હતી પરંતુ સફાઈ ઝુંબેશનું કહેવાતું 'ગતકડું' ખરેખર એક રાષ્ટ્રીય કાર્યક્રમ સ્વરુપે સ્વીકાર્ય બને એ દિશામાં સૌ કોઈએ સરકારને સહકાર આપવાની જરુર છે. મૂળે તો એ રાષ્ટ્રપિતાનો કાર્યક્રમ હતો; આજે એ વડાપ્રધાનના નામે આગળ વધતો હોય તોય એના નામે રાજકારણ ન થવું જોઈએ. આ ઝુંબેશને સ્વાભાવિત રીતે જ મોદીના હોમસ્ટેટમાં વધુ ગંભીરતાપૂર્વક લેવાની કોશિશ થવી જોઈએ. મુખ્યમંત્રી આનંદીબેન પટેલનાં નેતૃત્વમાં પ્રત્યેક ઘરને શૌચાલયો ઉપલબ્દ કરાવવાની પ્રામાણઈક ચેષ્ટા થઈ છે. એના પરિણામ પણ સાંપડી રહ્યાં છે. ખાસ કરીને દરેક શાળામાં કન્યાઓ માટે અલગ શૌચાલયોના પ્રબંધ માટે મહિલા મુખ્યમંત્રી ખૂબ ગંભીર છે. ટીવી પડદે સુરત જેવા મહાનગરમાં મ્યુનિસિપલ કમિશનર જાતે તાપી કિનારે થતી ગંદકી સાફ કરવાના કાર્યક્રમની આગેવાની લેતા દેખાયા, તાપી માતાના આશીર્વાદ મેળવવા માટે એમાં કચરો ન નંખાય, ગણેશોત્સવ દરમિયાન મૂર્તિ વિસર્જન નિમિત્તે નદીઓમાં થતું બેશુમાર પ્રદૂષણ અટકે, એવો અભિગમ આવકારવા લાયક છે. ગણેશોત્સવમાં ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ વપરાય, એ જરુરી છે. વડાપ્રધાન સામે અનેક પડકારો ડાચાં ફાડી રહ્યા છે. ત્યારે એમના મનમાં રમતી સ્વચ્છતાની વાત વિસરાવી ન જોઈએ. ખરું પછો તો 'સ્વચ્છ ભારત - સ્વસ્થ ભારત' એ તમામ ભારતીયોનો મૂળભૂત અધિકાર ગણાવો જોઈએ અને એને વડાપ્રધાન જેવા ઉચ્ચ પદાધિકારીનું રાષ્ટ્રીય સ્તરેથી સમર્થન મળતું હોય ત્યારે એ સરકારી નહીં પણ લોક ઝુંબેશ બની રહેવી જોઈએ.

આદિકવિની ગણેશવંદના

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

આદિકવિ મહર્ષિ વાલ્મિકી રામાયણના રચયિતા છે; તે પ્રસિદ્ધ છે. પરંતુ તેમણે ગણેશની સ્તુતિ રચના પણ કરી છે. તેનું નામ વિદ્યાવારિધિ ગણેશઅષ્ટક છે. વાલ્મિકીએ એમનાં વિદ્યાવારિધિ સ્વરુપની સ્તુતિ આઠ શ્લોકમાં કરી છે. નવમો શ્લોક છે, તે તો ફળપાઠનો છે. શંકરાચાર્યની યાદ અપાવે, એ રીતે આમાં ભુજંગી છંદનો મધુર લય છે. કવિ હોય અથવા વિદ્યાર્થી કે અધ્યાપક હોય - સૌ કોઈ માટે આ સ્તુતિનો પાઠ ઉપયોગી છે.

સ્તુતિની આ ધ્રુવપંક્તિ છે; તે આઠેય શ્લોકના ચોથા ચરણ રુપે છે. કવિં બુદ્ધિનાથં કવિનૌ નમામિ - હે ગણેશ! આપ કવિ છો. કવિઓની બુદ્ધિને પ્રેરનારા છો. આપને પ્રમાણ સ્તોત્રનો બાકીનો સારાંશ આ રીતે છે :

આપ ચોંઠસ કરોડ વિદ્યાઓના આપનારા છો. આપે દેવોના ગુરુ બૃહસ્પતિને પણ વિદ્યાનું દાન કર્યું છે. કઠ ઉપનિષદમાં અમૃત વિદ્યાનો ઉપદેશ છે. પરંતુ આપ જ આ વિદ્યાને આપનારા છો. આપ દ્વિદન્ત છો (૧)

આપ જ પોતાના સ્વામી છો. આપ શ્રેષ્ઠ છો. અમારાં વિઘ્ન ગમે તેટલા મોટા હોય, આપ એને દૂર કરો છો. આપે પોતાની ઈચ્છાથી જગતની રચના કરી છે; એના આપ સ્વામી અને રક્ષક છો. આપનું જમણી બાજુ વળેલી સૂંઢવાળું સ્વરુપ મંગલકારી વિદ્યા આપનારું છે (૨)

હે સર્વવ્યાપી! વ્યાસ, એમના શિષ્યો વગેરેને વિદ્યા આપવામં આપ જ વિશિષ્ટ છો. અનેક પ્રિય વ્કિતઓને આપે વિદ્યા આપી છે, આપ આદ્યપુરુષ છો. આપ જે કંઈ આપો, તે શ્રેષ્ઠ જ હોય છે (૩)

આપે જ બ્રહ્માને ત્રણ વેદ આપ્યા છે, મહાન વિષ્ણુને યોગ આપ્યો છે, શંકરને આગમો આપ્યાં છે, અને સૂર્યને રહસ્યવિદ્યા આપી છે (૪)

તેજસ્વિની માતા સત્યવતીના પુત્ર વ્યાસને આપે એક પુરાણ રચવાની પ્રેરણા આપી હતી. તે પુરણ ગજાનનની મહત્તાવાળું છે. તેમાં આપની જ જ્ઞાનશક્તિ સંચિત થયેલી છે (૫)

આપ ત્રણેય વેદોનાં જ્ઞાનથી સમન્વિત છો. આપે આપનાં સત્ત્વથી અનેક અનિષ્ટો દૂર કર્યા છે. લક્ષ્મી અને બુદ્ધિ આપની પત્નીઓ છે. આપ પરબ્રહ્મ સ્વરુપ છો. બધા દેવોમાં આપ જ બિરાજમાન છો. આપ શિવના ગણસમૂહના નેતા છો (૬)

આપ ચિદાનંદરુપ છો. આપ મુનિઓના ધ્યાનમાં રહેલા છો. આપ માત્ર ગણોના ઈશ નથી, દેવોના પણ ઈશ છો. આ પૃથ્વી આનંદલોક છે. અહીં રહેવું આપને ગમે છે. (૭)

આપે અનેકની જિંદગીને તારી છે. આપ લાલકમળની સુંદર માળા ધારણ કરો છો. આપ વિશ્વવ્યાપી બ્રહ્મ સ્વરુપ જ છો. ઉપનિષદોનાં મહાકાવ્યોનો જે અર્થ છે. એનું આપ પ્રત્યક્ષ રુપ છો (૮)

જે કોઈ ત્રણ સંધ્યા સમયે ગણેશને મનમાં રાખીને આ અષ્ટકાવ્યનો ભક્તિભાવ સાથે પાઠ કરે છે તેને ગણેશની જ કૃપાથી એકદમ અદ્ભુત કવિત્વશક્તિ અને સુંદર વાક્યાર્થ પ્રાપ્ત થાય છે. તેમજ જીવનને અંતે મુક્તિ મળે છે.

વાલ્મિકીના આ 'વિદ્યાવારિધિગણેશ અષ્ટક'માં કેટલીક વિગતો વિશેષ છે : (૧) ગણેશ જે આપે છે, તે વિદ્યાઓ ૬૪ કરોડ છે. એમના જાણીતા ૨૧ નામોમાં એક આ છે - સર્વવિદ્યાપ્રદાયકાય નમઃ (૨) ગણેશ દ્વિ-દન્ત છે. ખરેખર તેઓ દ્વિદન્ત જ હતા પણ ડાબો દંત ખંડિત થવાથી એકદન્ત થયા. (૩) વ્યાસનાં માતા તેજસ્વિની બુદ્ધિશાળી હતા. (૪) ગણેશનાં પત્ની લક્ષ્મી અને બુદ્ધિ હતા.

વાલ્મિકીની આ ગણેશવંદના આ ચાર કક્ષાની વ્યક્તિઓને વિશેષ ફળદાયી છે : (૧) કવિ (૨) વિદ્યાર્થી (૩) આચાર્ય (૪) મોક્ષાર્થી.

રાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત મળી 'એક ગુજરાત રાજય' બની શકે તેવા સંકેત ૧૯૪૮માં કોણે આપ્યા હતા?

મહાગુજરાત આંદોલન

(૧) મહાગુજરાત ચળવળ દરમિયાન રચાયેલ ફઝળ અલી પંચમાં નીચેનામાંથી કયા સદસ્યનો પંચમાં સમાવેશ ન થયો?
(અ) ફઝલ અલી (બ) હૃદયનાથ કુંજરુ
(ક) કે. એન. પાણીકર (ડ) ઈન્દુલાલ યાજ્ઞિક

(૨) પહેલી મહાગુજરાત પરિષદ કોના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી?
(અ) હિંમતલાલ શુક્લ (બ) પટ્ટામી સીતારામૈયા
(ક) પી.જી. માવલેકર (ડ) શ્રીકૃષ્ણલાલ ઝવેરી

(૩) મહાગુજરાત આંદોલનના વિરોધમાં કોણે ઉપવાસ કર્યા હતા?
(અ) રવિશંકર મહારાજ (બ) વિનોબા ભાવે
(ક) મોરારજી દેસાઈ (ડ) સર પુરુષોત્તમદાસ

(૪) અમદાવાદમાં મોરારજી દેસાઈની સભા સામે વિદ્યાર્થી લડત સમિતિએ કયારે જનતા કર્ફ્યુ જાહેર કર્યો હતો?
(અ) ૧૯ ઑગસ્ટ ૧૯૫૬ (બ) ૧૪ એપ્રિલ ૧૯૫૬
(ક) ૯ સપ્ટેમ્બર ૧૯૫૬ (ડ) ૨જી ઑક્ટોબર, ૧૯૫૬

(૫) 'મહાગુજરાતનો જંગ' પુસ્તકના લેખક કોણ?
(અ) બ્રહ્મકુમાર ભટ્ટ (બ) સનત મહેતા
(ક) યશપાલ પરીખ (ડ) કુમારપાળ દેસાઈ

(૬) શહીદ સ્મારક સત્યાગ્રહનું નેતૃત્વ કોણે કર્યું હતું?
(અ) જયંતિ દલાલ (બ) શ્રી ડી.કે. શાહ
(ક) હરિહર ખંભોળજા (ડ) ઈન્દુલાલ યાજ્ઞિક

(૭) 'ગુજરાત કે નહેરુ ઈન્દુચાચા' આ સૂત્ર કયા વિદ્યાર્થી નેતાએ આપ્યું હતું?
(અ) સુરેશ જયશંકર ભટ્ટ (બ) રણજીત શાસ્ત્રી
(ક) અબ્દુલ પીરભાઈ (ડ) ડી.જી. દારાસ્વામી

(૮) મહાગુજરાત જનતા પરિષદની છેલ્લી બેઠક કયાં મળી હતી?
(અ) વિજાપુર (બ) પાટણ
(ક) ઊંઝા (ડ) વિસનગર

(૯) મશાલ સરઘસ દરમિયાન કોને ઈન્દુલાલ યાજ્ઞિકને ચાંદીની મશાલ ભેટ આપી હતી?
(અ) પ્રવીણ ચાલીશ હજારે (બ) પ્રબોધ રાવળે
(ક) હરિહળ ખંભોળજા (ડ) જંયતિ દલાલ

(૧૦) મહાગુજરાત આંદોલન વખતે આંદોલનના સમર્થનમાં અમદાવાદના મેયર પદેથી કોણે રાજીનામું આપ્યું હતું?
(અ) માવલંકરે (બ) ચીનુભાઈએ
(ક) મોરારજી દેસાઈ (ડ) વિઠ્ઠળભાઈ પટેલે

(૧૧) 'મહાગુજરાત મારા મડદા ઉપર જ થઈ શકશે' આ સ્ફોટક વિધાન કોણે કર્યું હતું?
(અ) વિનોબા ભાવે (બ) અમૃતલાલ હરગોવનદાસ
(ક) ચિનુભાઈ (ડ) મોરારજી દેસાઈ

(૧૨) પૂના કરાર સમજૂતીમાં નીચેનામાંથી કોણ ન હતું?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) હરિહર ખંભોળજા
(ક) સનત મહેતા (ડ) પ્રબોધ રાવળ

(૧૩) દ્વિભાષી મુંબઈ રાજયના પ્રથમ મુખ્ય પ્રધાન કોણ હતા?
(અ) બી.જી. ખેર (બ) દિનકર મહેતા
(ક) મોરારજી દેસાઈ (ડ) જયમલ ઠાકોર

(૧૪) ગુજરાત સીમા સમિતિની પ્રથમ બેઠક કયાં યોજાઈ હતી?
(અ) વડોદરા (બ) વલ્લભ વિદ્યાનગર
(ક) અમદાવાદ (ડ) ભાવનગર

(૧૫) સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત મળી 'એક ગુજરાત રાજય' બની શકે તેવા સંકેત ૧૯૪૮માં કોણે આપ્યા હતા?
(અ) સરદાર વલ્લભભાઈ પટેલ (બ) વિનોબાભાવે
(ક) જવાહરલાલ નહેરુ (ડ) પી.જી. માવલંકર

વિવિધા

વિષય : વૈજ્ઞાનિક વસ્તુઓ અને તેના ઉપયોગ

- ૧૭ સપ્ટેમ્બર ૧૮૫૭ — કોન્સ્ટેઈન એડ્યુર્ડોવીચ સ્તિયોક્લોવીચ રશિયન સ્પેસ થીયોરીટીકલ સાયન્ટીસ્ટ
- ૧૭ સપ્ટેમ્બર ૧૮૫૪ — ડેવિડ ડબ્નર બૂઈક - સ્કોટીસ અમેરીકન સંશોધક અને ઓટોમોબાઈલ મેન્યુફેકચરર
- ૧૮ સપ્ટેમ્બર ૧૮૭૦ — કલેર્ક વ્હીસ્લર - અમેરીકન એન્થોપોલોજીસ્ટ
- ૧૮ સપ્ટેમ્બર ૧૮૬૯ — સર જહોન ગ્રેહામ કેર - ઈંગ્લીશ એમ્બ્રીયોલોજીસ્ટ. તેમણે 'ઈવોલ્યુશન ઓફ વર્ટીબ્રેટ્સ' પર મહત્વનાં સંશોધન કર્યા.
- ૧૯ સપ્ટેમ્બર ૧૮૮૮ — જેમ્સ એલેક્ઝેન્ડર - અમેરીકન મેથેમેટીશીયન, ગણિતમાં 'ટોપોલોજી' બ્રાન્ચ શરુ કરનાર
- ૧૯ સપ્ટેમ્બર ૧૮૭૮ — ચાર્લ્સ મૌગોઈન - ફ્રેન્ચ મિનરોલોજીસ્ટ, એક્સરે દ્વારા 'સિલીકેટ' પર વધુ સંશોધન કરનાર
- ૨૦ સપ્ટેમ્બર ૧૮૪૨ — સર જેમ્સ ડેવર - સ્કોટીસ કેમિસ્ટ અને ભૌતિકશાસ્ત્રી - થર્મોશબોટલનો આઈડિયા આપનાર
- ૨૦ સપ્ટેમ્બર ૧૭૮૪ — સર રીચાર્ડ જહોન ગ્રીફથ - આઈરીશ જીઓલોજીસ્ટ અને સીવીલ એન્જીનીયર 'ફાધર ઓફ આઈરીસ જીઓલોજીસ્ટ'
- ૨૧ સપ્ટેમ્બર ૧૯૦૯ — રીચાર્ડ એચ ફલેમિંગો - કેનેડીયન - અમેરીકન સમુદ્રશાસ્ત્રી, સમુદ્રી પ્રવાહો પર સંશોધન કરનાર
- ૨૧ સપ્ટેમ્બર ૧૯૦૭ — સર એડવર્ડ બુલાર્ડ - ઈંગ્લીશ મરીન જીઓફીઝીસ્ટ - જીઓમેગ્નેટીઝમ પર સંસોધન કરનાર
- ૨૨ સપ્ટેમ્બર ૧૯૦૫ — યુજન સેન્ગર - જર્મન એન્જીનીયર, રોકેટના પ્રોપેલન્ટ પર સંશોધન કરનાર
- ૨૨ સપ્ટેમ્બર ૧૯૦૧ — ચાર્લ્સ. બી. હગીન્સ, કેનેડીયન બોર્ન અમેરીકન સર્જન. તથા યુરોલોજીસ્ટ
- ૨૪ સપ્ટેમ્બર ૧૮૯૩ — એલેક્સઝેન્ડર યર્શીન - સ્વીસ-ફ્રેન્ચ બેક્ટેરીયોલોજીસ્ટ, પ્લેગના વિષાણુ શોધનાર
- ૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧ — રોબર્ટ બ્રોચ - જર્મન એન્જીનીયર ઓટો મોબાઈલમાં સ્પાર્ક પ્લગની શોધ કરનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ - બિહાર રાજયના પૂર્વ મુખ્યમંત્રી જિતનરામ માંઝીની રાજકીય પાર્ટીનું નામ શું છે?
જવાબ : (એચ.એ.એમ.) હિન્દુસ્તાની આવામ મોરચા

ખજાનો
અનિલ પટેલ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૫) ખેમાભાઈ આર. પટેલ : સરગાસણ, ૪૪૪
(૬) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૭) મહેશ એમ. જાદવ : સે-૩૦

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

શ્રીલંકાના હાલના વડાપ્રધાન કોણ છે?
'ગાંધીનગર સમાચાર' - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) ડ (૨) અ (૩) ક (૪) અ (૫) ક (૬) અ (૭) બ (૮) ડ (૯) અ (૧૦) બ (૧૧) ડ (૧૨) ડ (૧૩) અ (૧૪) બ (૧૫) અ

લેબોરેટરી મેડીકલ ફિલ્ડની ધરોહર છે

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

- ભાઈ અમે લેબોરેટરી વાળા છીએ. લેબોરેટરી વિશે જ લખીએ. ધીરજ ધરજો. ધીમે ધીમે બધા જ વિષયોને આવરી લઈશું.

લેબોરેટરી એ એલોપેથીક બ્રાંચના મૂળ છે. જેના ઉપર જ એલોપેથીક મેડિકલ વટવૃક્ષ બનીને ઘટાદાર પાંદડા સાથે શોભાયમાન છે. અને મેડિકલ ફિલ્ડની ઈમાનદારીથી સેવા કરી રહી છે. એ જુદી વાત છે કે લેબોરેટરી ચલાવનારા સંચાલક ઉપર મેડિકલની બીજા બ્રાંચના ડૉકટરો જરા નીચલી કૅટેગરીમાં ગણે છે. લેબોરેટરી મેડિકલ ફિલ્ડની ધરોહર છે.

- બે મિત્રો બારમાં સુધી સાથે ભણ્યાં, સાથે જ મેડિકલમાં ગયા. એક મિત્ર **M.D. (Medicine)** થયો. અને બીજો **M.D. (Pathologist)** થયો. બંને સરખું ભણ્યાં હોદ્દાની રુહે પણ સમાન છે. છતાં પણ **M.D.** થયેલ મિત્ર આશા રાખે કે **M.D. (Pathologist)** થયેલ મિત્ર તેને સાહેબ કહે એ આ લેબોરેટરીની કરુણતા કહેવાય? અત્યારે તો સમાજમાં લેબોરેટરી વાળા આમ કરે છે, તેમ કરે છે છતાં પણ અમે લોહી, પેશાબ અને ઝાડા સાથે તપ કરી રહ્યા છીએ. ચાલો હવે ટોપીક બદલીયે. આ વેદના છે. એ કહેવાઈ જાય છે અને કહેવાઈ ગયેલ વેદનામાંથી નવા સૂરજની નવા કિરણની આશા સાથે ફરી કામે લાગી જઈએ.

- લેબોરેટરીમાં **CBC** નામનો ટેસ્ટ બધાને ખબર જ છે. **Complet Blood Count** એટલે **CBC** જેમાં **HB** એટલે **Hemoglobin, TC** એટલે **Total Count** એટલે કે લોહીમાં રહેલ સફેદ કણ, **RBC** એટલે **Red Cell Blood Count** એટલે લાલ કણ, રક્ત કણમાં **PCV (Pack Cell Volume), MCV** એટલે **(Mean Corpascwar Volume), Rdw (Red cell distribution width), MCH, MCHC** અને **Platelate.** અત્યારે **Dengue**ની સિઝનમાં બધાને **Platelate Count** એટલે ત્રાક કણ કેટલો છે. એ જાણવામાં રસ હોય છે. પછી આવે છે **D.C.** એટલે **Deffrencial Count** જેમાં **Polymorphs, Lymphocytes, Monocytes, Eosinophill, Basophill,** અને **Band cell** હોય છે. સામાન્ય રીતે જોવામાં આવે છે. ડીફરન્સીયલ કાઉન્ટ રોગ પ્રતીકારક શક્તિ અને જુદા જુદા ઈન્જેકશન એટલે કે જંતુના ચેપમાં બદલાતાં રહે છે. **Neutrofill** જે સામાન્ય રીતે ૫૦ ટકા થી ૮૦ ટકા **Normal** માણસમાં હોય છે. જે ૭૦ ટકા ઉપર હોય તો ઈન્ફેકશન શરીરમાં કયાંક છે. એવું સામાન્ય રીતે જણાય. હવે ઈન્ફેકશન કયાં છે. તેના માટે ડૉકટરની જરુર પડે. ન્યુમોનિયા હોય તો પણ **Neutrofill** વધી જાય **Urine** માં ઈન્ફેકશન હોય તો પણ શરીરમાં **Neutrofill** વધી જાય છે. એવી જ રીતે ગળામાં ઈન્ફેકશન હોય તો પણ **Neutrofill** વધે છે. મતલબ શરીરમાં કોઈ પણ જગ્યા ઉપર જંતુનો ચેપ લાગે છે ત્યારે સફેદ કણ અને **Polymorph** અથવા તો જેને **Neutrophill** પણ કહે છે. તે વધી જાય છે. હવે **Neutrophill** ઘટે કયારે? એટલે કે સફેદ કણ અને **Neutrophill** કયારે ઘટે, રમેશભાઈને ત્રણ દિવસથી ગળામાં દુખતું હતું. **X-ray Normal** હતો. સફેદ કણ ઓછા હતા. તો શું તેને જંતુનું ઈન્ફેકશન હતું? સામાન્ય રીતે તો ઈન્ફેકશન સફેદ કણ વધવા જોઈએ. પણ રમેશભાઈના શ્વેત કણ ઘટી ગયા. છતાં પણ ઈન્ફેકશન એવું કેવું? હા ભાઈ આ જંતુનો ચેપ છે એ જંતુ છે. **Virus** એટલે અર્થ એવો થાય કે **Bactraria** થી થતો રોગ. જેમા સફેદ કણ વધી જાય છે. અને **Virul** થી થતો થતો ચેપ જેમાં સફેદ કણ એટલે કે **Total WBC** અને **Neutrophill** ઘટી જાય છે. તો વધે શું? **Lymphocytes** જેમાં બે પ્રકારના **Lymphocytes** હોય છે. **Small Lymphocytes** અને **Large Lymphocytes** જેમાં **Polymorph** ની જેમ એક કરતાં વધારે **Nucleus** અથવા લોપ નથી હોતા. **Lymphocytes** માં એક જ **Nucleus** હોય છે.) **Monocytes** જેની **Normal** માણસમાં ૨ ટકા થી ૧૦ ટકા **Normal Value** છે. **Lymphocytes**ની **Normal Range** ૨૫ ટકા થી ૩૦ ટકા હોય છે. જો કે ઉપર પ્રમાણે **Normal** માં વેરીયેશન હોય છે. નાના બાળકોમાં અને તાજા જન્મેલા બાળકોમાં સામાન્ય રીતે **Total WBC** દસ હજાર કરતા વધારે હોય છે અને **Lymphocytes 70% Normal** ગણવામાં આવે છે. **Eosinophill, Eosinophilia** જેમાં ૨ લોબ હોય છે.

અને એ ઘણા બધા લોકોને એની ખબર હોય છે. જેની **Normal Range** ૦ ટકા થી ૫ ટકા હોય છે. **Eosinophill** ૮ ટકાથી ૧૦ ટકા થી વધારે હોય તો તેને **Eosinophilia** કહેવાય છે. કોઈ પણ એર્લજીક રીએકશનમાં **Eosinophill** વધતા હોય છે. સામાન્ય રીતે ચામડીનાં દર્દીમાં **Eosinophil** વધતા હોય છે. ચામડી પર થતાં રોગોમાં મોટે ભાગે એલર્જી વધારે થતી હોય છે. ઘણી વખતે સાબુથી, તેલથી, પરસેવાથી, કપડાથી અમુક પ્રકારના કપડાથી... આમ તો ઘણી બધી વાતો કહી શકાય પણ નમૂના રુપે આટલું, **Eosinophil** ઘટે

અનુસંધાન પાના નં. ૭ પર